

# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

**January 2025 | Issue No. 62 | A monthly newsletter**

"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## ફેનિલના વિકાસની ચાવી : સંયુક્ત પ્રયાસની સહભાગીદારી



વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકોની વિકાસની યાત્રામાં અનેક લોકોના પ્રયાસો ભાગ ભજવતા હોય છે. તેની આજુબાજુની સમગ્ર ઇકોસીસ્ટમ જયારે સક્રિય થઇ જાય છે ત્યારે પરિણામ મળવાની સંભાવના વધી જાય છે. તેથી જ પ્રભાત જયારે કાર્ય કરે છે ત્યારે વાલી અને તેમની જાગૃતતા અને જવાબદારી માટે પણ પ્રયાસો કરે છે. ઘણીવાર વાલી પોતે બાળકની સ્થિતિને લઈને જાગૃતતા ધરાવે છે પરંતુ યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય સારવાર ન મળતા તે પણ અપેક્ષિત પરિણામથી છેટા રહેતા હોય છે. પરંતુ જો વાલીની જાગૃતતા અને તેની યોગ્ય દિશામાં સારવાર થાય તો સકારાત્મક પરિણામની સંભાવના વધી જાય છે. અહી આપણે ફેનિલની એવી પ્રેરણાદાયી વાત રજુ કરી રહ્યા છીએ જેમાં વાલી અને પ્રભાત ટીમના સંયુક્ત પ્રયાસોને કારણે નોંધપાત્ર પ્રગતિ કરી છે.



ફેનિલનો જન્મ એક આનુવંશિક વિકાર સાથે થયો હતો જેણે તેના શરીરિક અને જ્ઞાનાત્મક વિકાસને અસર કરી હતી. તેને ચાલવામાં, બોલવામાં અને જોવામાં મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. એક જ વર્ષની અંદર હૃદયની સર્જરી કરવામાં આવી આમ છતાંય ફેનિલને ચાલવા માટે ફિઝીયોથેરાપીની જરૂર હતી. યોગ્ય સારવારની શોધમાં તેમના પરિવારે અનેક સેન્ટરની મુલાકાત લીધી. ફેનીલની સારવાર પણ કરાવી. પરંતુ જે સંતોષ થવો જોઈએ તે ન થયો. મર્યાદિત સમય અને વધારે ખર્ચને લીધે તેઓ નિરાશ થયા. પરંતુ આ નિરાશાથી આશાનું ‘ પ્રભાત ’ તેમની સમક્ષ એક પ્રભાતના જ બાળકના વાલી દ્વારા સામે આવ્યું. ભાઈપુરા સેન્ટર પર ફેનિલના એડમીશનની ઔપચારિકતા પૂર્ણ થયા બાદ, પ્રભાત ટીમ દ્વારા તેની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું અને એક કસ્ટમાઇઝ્ડ સારવાર માટેની કાર્ય યોજના બનાવવામાં આવી. આ સમગ્ર પ્રક્રિયામાં ફેનિલની માતા નીખીલાબેન સક્રિય રીતે સામેલ હતા તેથી ઘરે પણ બાળક સાથે કસરતો અને અન્ય પ્રવૃતિઓ કરાવવા લાગ્યા.



પ્રભાતના ફિઝીયોથેરાપીસ્ટ ડો. કવિતા બેન કહે છે કે, ફેનિલની સ્થિતિનું અસેસમેન્ટ કર્યા બાદ, અમે તેની સાથે વેઇટ બેરીંગ એકસરસાઈઝ , ફંકશનલ એક્ટીવીટી, ફીઝીયો બોલ, વોકર અને દીવાલ સાથે ઉભા રહેવું વગેરે દૈનિક પ્રવૃતિઓ કરતા હતા. ટૂંકા સમયમાં જ બાળકમાં સારું એવું પરિણામ નોંધવામાં આવ્યું. આજે તે ટેકા વગર ઉભો રહી શકે છે અને સ્વતંત્ર ચાલી શકે છે. ફેનિલ સાથે હવે સ્પીચ થેરાપી પર વધારે કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અને સાથે પૂર્વ પ્રાથમિક શિક્ષણને લઈને પણ તેની સાથે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

ફેનિલમાં આવેલ પરિવર્તનથી ફક્ત તેના પરિવારને જ નહીં, પરંતુ તેના સંબંધીઓને પણ આનંદ થયો છે, જેઓ તેની ઝડપી પ્રગતિથી આશ્ચર્યચકિત છે. તેમની માતા કહે છે કે બાળકના વિકાસ માટે વાલીની ભૂમિકા બહુ જ અગત્યની છે. તેથી જ આ વિષયને લઈને જાગૃતિ જો વાલીમાં આવશે તો વાલી વધારે અસરકારક રીતે પોતાના બાળક માટે સાચી દિશમાં કાર્ય કરી શકશે. ફેનિલના અને તેના જેવા અનેક બાળકોના અનુભવને આધારે જ કહી શકાય છે કે , વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકની તેમની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચવા માટે સહયોગી પ્રયાસોની તાકાતની જરૂર હોય છે.

**તૈયાર કરનાર : મનીષાબેન મહેશભાઈ સોલંકી -સ્પેશયલ એજ્યુકેટર**

## કાર્યક્રમની ઝલક



**ઉત્તરાયણ :** બાળકો રંગબેરંગી પતંગોને આકાશમાં ઉડાડવા માટે મીઠી મથામણ કરતા હોય , ક્યારેક પતંગ ચગી જાય તો ક્યારેક નહિ એવા દ્રશ્યો પ્રભાત સેન્ટર પર નિહાળવાનો અવસર હતો. વળી, પ્રભાતના શુભેચ્છકો એ દર વર્ષની જેમ બાળકોને ચીકી, લાડુ, બોર,પતંગ, ફીરકી, ચશ્માંની ભેટ આપી તો નાસ્તો પણ મન ભરીને કરાવ્યો. ક્રાફ્ટપેપર માંથી પતંગ બનાવતા પણ શીખવવામાં આવ્યું. ઉતરાયણ બાળકો માટે વિશેષ રહી તો હમેશની જેમ આ તહેવાર ફરી પ્રભાતને મોટા સપના જોવાની એક દ્રષ્ટિ આપી ગયું તો વાસ્તવિકતા ની સાથે સતત

ટકી રહેવાનું પણ શીખવી ગયું. સંઘર્ષો, મુશ્કેલીઓ આવે છે પણ તેમાં સંતુલન સાધીને કઈ રીતે આગળ વધતા રહેવના પાઠ ઉતરાયણ આપણને શીખવે છે.

**પ્રજાસત્તાક દિવસની ઉજવણી** : સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયની ઉજવણીનો અવસર એટલે પ્રજાસત્તાક દિવસ. પ્રભાત આ દિવસની ગૌરવભેર ઉજવણી બાળકો સાથે કરે છે. જેમાં બાળકોએ દેશભક્તિ ગીતો પર ડાન્સ કર્યું તો વિવિધ વસ્તુઓ જેમકે,અનાજ, કાગળથી ત્રિરંગા બનાવવાની પ્રવૃત્તિ કરી હતી. આ દિવસ સમાવિષ્ટતા, કરુણા અને સામાજિક જવાબદારીનું અનુભૂતિ કરાવનારું છે. સાથે દરેક નાગરિકને સ્વમાન સાથે જીવવાના અવસર માટે રસ્તાઓ ખોલે છે.

**આંગણવાડીમાં સમાવેશી શિક્ષણ સંદર્ભે આંગણવાડીના અભ્યાસક્રમને સમજવા માટે મુલાકાત:** સમાવેશી શિક્ષણની દિશામાં પ્રભાત પરોક્ષ રીતે આંગણવાડી અને શાળા સાથે કાર્ય કરી રહ્યું છે. જેના અનુભવને આધારે આંગણવાડીમાં સમાવેશી શિક્ષણના નિદર્શન કરવાની શરૂઆત કરવામાં આવી છે.વટવા, ભાઈપુરા અને બેરલ માર્કેટ વિસ્તારની 10 આંગણવાડીની મુલાકાત કરી તેમની કાર્ય પદ્ધતિ અને અભ્યાસક્રમને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ખાસ કરીને દરેક બાળક સુધી આ અભ્યાસક્રમને તેની ક્ષમતા પ્રમાણે પહોંચાડવાનો મુખ્ય ઉદેશ્ય પ્રભાતનો છે.





**આઈ ચેકઅપ** : બાળકોનું ડો. બ્રિન્દા શાહ દ્વારા આઈ ચેકઅપ કરાવવામાં આવ્યું તથા ચકાસણી બાદ, તેમને અનુરૂપ ચશ્માંનું વિતરણ પણ કરવામાં આવ્યું.



**પી.એસ.એસ. અને વિપ્રોના પ્રતિનિધિ દ્વારા પ્રભાતની મુલાકાત** : વિપ્રો સાથેના સમાવેશી આંગણવાડીના નિદર્શન ની પહેલ સંદર્ભે પ્રગતિ શિક્ષણ સંસ્થા (PSS) ના ડૉ. નીલિમા ગોખલે અને ડૉ. મંજરી નિમ્બકર દ્વારા પ્રભાતની મુલાકાત કરવામાં આવી. અહીં ચાઈલ્ડહુડ એજ્યુકેશનમાં આ સંસ્થાએ નોંધપાત્ર કાર્ય કર્યું છે. પ્રભાતના સેન્ટર અને આંગણવાડીની મુલાકાત અને ટીમ મીટીંગ બાદ તેમણે  નાના-જૂથ શિક્ષણ, ચોક્કસ સ્તરે ઇન્ટરવેન્શન અને સમાવિષ્ટ શિક્ષણમાં આંગણવાડી કાર્યકરોની ભૂમિકાના મહત્વ પર ભાર મુક્યો. આગળ એમની સાથે પ્રભાત સમાવેશી આંગણવાડી સંદર્ભે અસરકારક વર્ગખંડ, , બાળ-કેન્દ્રિત શિક્ષણ પદ્ધતિઓ અને વ્યવસ્થિત દસ્તાવેજીકરણને લઈને પ્રક્રિયાઓ હાથ ધરવામાં ટીમનાં  નું ક્ષમતાવર્ધન માટે સહયોગ આપશે.

## હિમાયત (એડવોકસી )

**અભ્યાસની અપડેટ** : સમાવેશી શિક્ષણને પ્રોત્સાહન આપવામાં પડકારો અને ઉકેલોને સંબોધતું શ્વેત પત્ર (વાઈટ પેપર) તૈયાર કરવાના સંદર્ભે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની સંસ્થા સાથે આ અભ્યાસમાં માહિતી એકત્રીકરણ કરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી. જેમાં, ગુજરાતના સમર્થ સંસ્થાની ટીમ – અમદાવાદ, કોલકતાની નારી -ઓ -શિશુ કલ્યાણ કેન્દ્ર ,કર્ણાટકના સમા ફાઉન્ડેશન અને ઉત્તર પ્રદેશની નવ ભારતીય નારી વિકાસ સમિતિ સાથે અભ્યાસનું ઓરીએન્ટેશનની પ્રક્રિયા થઇ છે.



બીજો અભ્યાસ અમદાવાદમાં વિકલાંગ વ્યક્તિઓની ઉર્જા માટેની સુલભતા સમજવા માટેનો છે. આ અભ્યાસ યુ.કે.ની લુબરો યુનિવર્સીટી અન્વયે સ્વતંત્ર સલાહકાર ડો.અમિતા ભક્ત અને પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી રહ્યો છે. ઉર્જાની પહોંચ સંબંધિત અભ્યાસમાં ફિલ્ડ સ્તરે ટુલ ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. અને ત્યારબાદ, ફાઈનલ ટુલ બનાવી ડેટા કલેક્શન માટે આયોજનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રભાત આ બંને વિષયોના અભ્યાસને લઈને ઉત્સાહિત છે. તેના તારણો પ્રભાતને આ ક્ષેત્રમાં કાર્ય કરવા માટે દિશારૂપ બનશે.

**હેપી હિલીંગ રૂમ : બાળકોની ખુશીઓ માટેની મનગમતી જગ્યા** : બાળકોના ચહેરા પર સ્મિત આવી જાય, બાળક ખુલ્લી રીતે રમતું હોય, મજા કરતુ, ઉજવણી કરતુ હોય એવાં અદભુત વિચારનું પરિણામ એટલે રીવર સાઈડ શાળાના ગ્રેડ 6ના બાળકોના ક્લાયન્ટ પ્રોજેક્ટ તરીકે "હેપ્પી હીલિંગ સ્પેસ"ની જગ્યા. પ્રભાતના બાળકોની સાથે તેમની વારંવારની સંવાદની પ્રક્રિયા, તેમના ઘરની મુલાકાતને અંતે ' હેપી હિલીંગ રૂમ' ની જગ્યાનો જન્મ થયો. તેને બનાવવાની પ્રક્રિયામાં પોતાનું દિલ તો રેડ્યું સાથે તેમની સર્જનાત્મકતા પણ ઉમેરી. વળી આ દરેક બાબતમાં આર્થિક સંસાધન પણ માટે મહેનત કરી. અંતે વિચારને તેઓ વાસ્તવિક સ્વરૂપ આપી શક્યા. આ સુંદર જગ્યાનું અનાવરણ કરવામાં આવ્યું. જેમાં રીવર સાઈડ શાળાના બાળકોના વાલી પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને શ્રી ચેતન બહલ (ડીસીબી બેંક) દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.



**નેટવર્કિંગ :**



નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ડીઝાઇન ના ટોય એન્ડ પ્લે વિભાગના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ ના ભાગ રૂપે દ્વારા 5 બાળકોના ઘરે હોમ વિઝીટ કરવામાં આવી.



કે.ડી. ફાઉન્ડેશન દ્વારા આયોજિત બાળમેળામાં 15 બાળકો, શિક્ષકો અને વાલીઓએ ઉત્સાહભેર ભાગ લઇ. રચનાત્મક પ્રવૃતિઓ માં ભાગ લીધો.




ઓ.એન.જી.સી. ઓફિસર્સ મહિલા સમિતિ દ્વારા પ્રભાતની મુલાકાત પહેલા કરવામાં આવી હતી. જેમાં તેમણે વોકેશનલ અન્વયે ચાલતા સિલાઈ યુનિટ માટે પાંચ સિલાઈ મશીન આપેલ છે.

## ડોકિયું – પ્રભાત સેન્ટર પર મુલાકાત

સંકટમોચન ટ્રસ્ટના શિલ્પાબેન અને તેમની ટીમ દ્વારા વટવા સેન્ટરની મુલાકાત કરવામાં આવી. અહી તેમણે બાળકોને સ્વાદિષ્ટ ભોજનની મજા કરાવી તો સાથે પ્રભાતના કાર્યને વિસ્તારથી સમજ્યું. તેમની સાથે વોકેશનલ અને સમુદાયમાં ખાસ મહિલાઓ માટે આત્મનિર્ભર માટે પ્રવૃતિઓ વિષે ચર્ચા કરવામાં આવી.



## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02 ફોર્મ સિવિલ હોસ્પિટલમાંથી કરાવવામાં આવ્યાં. રેલ્વે પાસ માટેના ફોર્મ -03, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -03, પેન્શન માટેના ફોર્મ -02 માટે પ્રક્રિયા કરવામાં આવી. આ ઉપરાંત, ખેલ મહાકુંભ માં ભાગ લેવા માટે 114 ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યાં.




**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org